No. of Printed Pages : **5**

**6808**

Register Number

# Language – Part I – GUJARATI – Paper I

Time Allowed : 2½ Hours ] [ Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગી તો, ખંડ પરિનિરીક્ષક ને તુરત જાણ કરવી.

(2) લખવા તથા અન્ડરલાઈન કરવા માટે ભૂરી અથવા કાળી સ્યાહીનો ઉપયોગ કરવો અને ચિત્ર દોરવા માટે પેન્સિલનો ઉપયોગ કરવો.

**I. નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ શોધીને લખો. 20x1=20**

**1.** શ્યામ વર્ણ મનોહર છે.

(a) મુખડું (b) હાથ (c) પગ

**2.** ભીંજાય મેડીને ભીંજાય

(a) માળિયારે (b) બગીચા (c) ઘર

**3.** ગોપીને શ્રી કૃષ્ણના તે સંબોધનથી માઠુ લાગે છે.

(a) શશીવદની (b) ફૂલવતી (c) અમરાવતી

**ખાલી જગ્યા પૂરો :**

**4.** આભમાં ઝીણી ઝબૂકે __________ રે.

**5.** __________ અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન

**6.** અમે પકડી __________ ડાળ રે.

**યોગ્ય રીતે જોડો.**

| | અ | બ |
|---|---|---|
| **7.** | ભજ રે ભજ તું | લોકગીત |
| **8.** | છપ્પા | મીરાંબાઈ |
| **9.** | અમે પકડી આંબલિયાની ડાળ | અખો |
| **10.** | આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે | નરસિંહ મહેતા |

[ Turn over

www.careerindia.com

CAREERINDIA



**યોગ્ય જવાબ શોધીને લખો.**

**11.** જુમાના પાડાનું નામ હતું
(a) વેણુ (b) કાર્તિક (c) ટાયગર

**12.** સત્ય એજ પરમેશ્વર છે એમ કહ્યું
(a) ગાંધીજી (b) નહેરૂએ (c) અખાએ

**ખાલી જગ્યા પૂરો.**

**13.** કાશીમાની કૂતરીનું નામ __________ હતું.

**14.** શ્રુતિની માતાનું નામ __________ હતું.

**સાચા ખોટાની નિશાની કરો.**

**15.** અમરતકાકીની ગાંડી દીકરીનું નામ ગીતા હતું.

**16.** તૈલપે હુમાયુ સાથે યુધ્ધ કર્યુ.

**યોગ્ય રીતે જોડો**

| | અ | બ |
|---|---|---|
| **17.** | સુહાસ | તબીબી પ્રેક્ટિસ |
| **18.** | જુમો | પૃથિવીવલ્લભ કેમ ખંચાયો ? |
| **19.** | મુંજ | જુમો ભિસ્તી |
| **20.** | જીતુભાઈ | શ્રુતિ અને સ્મૃતિ |

**II.** **કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો.** **5x2=10**

**21.** ભજ જે ભજ તું કાવ્યમાં કવિ કોને ભજવાનું કહે છે ?

**22.** મીરાંબાઈએ શેની ડાળ પકડી છે ?

**23.** આભમાં શું ઝબૂકે છે ?

**24.** પત્ની પતિને ચાકરીએ જતા શા માટે રોકે છે ?

**25.** અમૃત શેમાં ઝીલવાનું કવિ ના પાડે છે ?

**26.** અખાએ અજ્ઞાની લોકોને શેની સાથે સરખાવ્યા છે ?

www.careerindia.com

CAREERINDIA



**III. કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** **3x4=12**

**27.** મીરાંબાઈ એ કેટલા પ્રકારની ચૂંદડી ઓઢી છે ?

**28.** ઝરમર વરસાદ થી શું શું ભીંજાય છે ?

**29.** પંડની પેટીમાં પારસ છે પડ્યો સમજાવો.

**30.** કવિ મહેમાનોની શું માગે છે ? શા માટે ?

**IV. 31. નીચે આપેલ કાવ્ય વાંચી પ્રશ્નોના જવાબ લખો.** **5x1=5**

હાવા હું સખી ! નહિં બોલુ રે કદાપિ નંદકુવરની સંગે;
મને શશીવદની કહી છે રે, ત્યારની દાઝ લાગી છે અંગે.
ચંદ્રબિંબમાં લાછન છે, વળી રાહુ ગળે ખટ માસે રે;
પક્ષે વધે અને પક્ષે ઘટે, કળા પૂરણ નિત્ય તે નવ પ્રકાશે.
નહીં તો શિવને સમીપ રાખશે, ને ભાલે ચંદ્ર દેખાશે રે;
પ્રસન્ન થઈ પાસે રહેશે, નહિ તો કહેવાય નહી નિજદાસે

**પ્રશ્નો :**

(a) ગોપીઓ કોને પાસે બોલવાનું ના કહે છે ?

(b) શ્રી કૃષ્ણ એ ગોપીઓને શું કહ્યું ?

(c) ગોપીઓને શું લાગી છે ?

(d) ચંદ્રબિંબમાં શું છે ?

(e) કોણ પક્ષે વધે અને ઘટે છે ?

**અથવા**

**32. કાવ્યનો ભાવાર્થ લખો.**

રામ કહો, રહમાન કહો કોઉ, કાન્હ કહો, મહાદેવ રી;
પારસનાથ કહો, કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયંમેવ રી
નિજ પદ રમે રામ સો કહીએ, રહીમ કહે રહિમાન રી;
કર્ષે કરમ કાન્હ સો કહીએ, મહાદેવ નિર્વાણ રી
પરસે રૂપ પારસ સો કહીએ, મહાદેવ નિર્વાણ રી.
ઈહ વિધિ સાધો આપ આનન્દઘન, ચેતનમય નિકર્મ રી

www.careerindia.com

CAREERINDIA



**V. 33. નીચે આપેલ ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.** **5x1=5**

એક છોકરાનું નામ ''ફેન્ટાસ્ટિક'' પાડવામાં આવ્યું છોકરો મોટો થયો ત્યારે એને એ નામ ગમ્યું નહિ. બધા એને ખીજવવા લાગ્યા. એને નામ ગમતું ન હતું પણ શું કરી શકે ! છેવટે એના લગ્ન થયા એનાં બાળકો પણ મોટાં થયાં અને એક દિવસ એ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યો અને મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું એણે એની પત્નીને બોલાવી અને દર્દભર્યા અવાજે કહ્યું કે મારી કબર પાસેના સ્મારકના પથ્થર પર મારું નામ ''ફેન્ટાસ્ટિક'' ના લખતી. બસ એટલી જ મારી ઈચ્છા છે.

**પ્રશ્નો :**

(a) છોકરાનું નામ શું પાડવામાં આવ્યું ?

(b) બધા એને શું કરતા હતા ?

(c) છેવટે એના શું થયા ?

(d) એક દિવસ તે શેમાં પટકાઈ પડ્યો ?

(e) મરતી વખતે એની શી ઈચ્છા હતી ?

**અથવા**

**નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષિપ્તીકરણ કરી યોગ્ય શીર્ષક આપો.**

હા, પસા પૂરતા છે એટલે કોઈ કશો કામધંધો કરતો નથી. બસ આખો દિવસ વાંચું છું સંગીત સાંભળું છું વૃક્ષો, પંખીઓ જોઉં છું પણ ક્યારેક મારું આ એકાકીપણું મને વસમું લાગે છે આ એકલતાની ભીસમાં હું ગૂંગળાઈ જાઉં છું એટલે હમણાંથી રોજ સાંજે મારી ગાડી લઈ નીકળી પડુ છું. બસની રાહ જોઈ લાઈનમાં ઉભેલા તમારા જેવા કોઈ યુગલને લિફ્ટ આપુ છું. ઘરે મહેમાનગીરી કરી તેમની સાથે ફક્ત પંદર મિનિટ આનંદ મેળવું છું

**VI. કોઈપણ એક-એક પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.** **2x8=16**

**34.** ''મહેમાને સંબોધન'' કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

**અથવા**

ભજ રે ભજ તું કાવ્યના આધારે શ્રી કૃષ્ણની બાળલીલાઓનું વર્ણન કરો.

**35.** અમરતકાકી મંગુને દેખભાળ કેવી રીતે કરતા હતા ? વિસ્તારથી લખો.

**અથવા**

વેણુને બચાવવા જુમા એ શું શું કર્યું હતું ?

**VII. કાવ્યપૂર્ણ કરો.** **1x10=10**

**36.** ફૂલડાં કટોરી **અથવા** ભજ રે ભજ તું

www.careerindia.com

CAREERINDIA



**VIII. કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.** **3x4=12**

**37.** સત્ય વિશેના ગાંધીજીના વિચાર રજૂ કરો.

**38.** જીતુભાઈને બચાવવા નાનાભાઈએ કયા નસોખા કર્યા ?

**39.** જુમાનું બચપન કેવી રીતે વિત્યું હતું ?

**40.** તૈલપે શો ઢંઢેરો પિટાવ્યો ? આની લોકો પર શી અસર થઈ ?

**IX. કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો.** **5x2=10**

**41.** શ્રુતિના પિતાનું નામ શું હતું ?

**42.** કાશીમાની કૂતરીનું નામ શું હતું ?

**43.** અમરતકાકીને કેટલા દીકરા અને દીકરી હતા ?

**44.** પ્રભાશંકરે કોની સાથે દોરામાં સોઈ પરવાઈ ?

**45.** ગાંધીજી કોને પરમેશ્વર માને છે ?

**46.** ગણપતે ભેંસ કેટલા રૂપિયામાં વેંચી હતી ?

**47.** વિનુના વર્તનમાં શું આસમન્ય હતું ?

**48.** ભેંસને પાછી આવતા ગણપતના આંખમાંથી કેમ આંસુ આવ્યા ?

- o 0 o -

www.careerindia.com

www.careerindia.com